પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૩ | ૨૪ મે, ૨૦૨૨, મંગળવાર; વૈશાખ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# જૂનમાં વ્યાજદર વધવાના RBIના સંકેત

## તમામ લોન વધુ મોંઘી થઈ શકે છે : આગામી મિટિંગમાં પણ વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા : શક્તિકાંત દાસ

નવી દિલ્હી, તા.૨૩

ભારતમાં નીચા વ્યાજદરની સાઈકલ પૂરી થઈ હોય તેમ લાગે છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (ઈંબે)એ તાજેતરમાં આશ્ચર્યજનક રીતે વ્યાજદર વધાર્યા પછી જૂનમાં પણ રેટ વધે તેવી શક્યતા છે. તેના કારણે ઓટો લોન, હોમ લોનના દર વધી જશે. ઈંબેના ગવર્નર શક્તિકાંત દાસે એક મુલાકાતમાં જણાવ્યું કે આગામી મિટિંગમાં પણ વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. જૂનની મિટિંગમાં ઈંબે ફુગાવાની નવી આગાહી પણ કરશે. તેમણે એમ પણ કહ્યું કે રૂપિયાના મૂલ્યમાં બેફામ ધોવાણ થવા દેવામાં નહીં આવે અને રૂપિયાને તૂટતો અટકાવવા માટે ઈંબે



દ્વારા પગલાં લેવાશે. ફુગાવાનો દર સળંગ ચાર મહિના સુધી ૬ ટકાથી ઉપર રહેતા સેન્ટ્રલ બેન્કે ચાલુ મહિને રેપો રેટમાં ૦.૪૦ ટકાનો વધારો કરીને રેપો રેટ ૪.૪ ટકા કર્યો હતો. ૬થી ૮ જૂન દરમિયાન આરબીઆઈની મિટિંગ મળશે તેમાં વધુ એક વખત મુખ્ય વ્યાજદરમાં વધારો થવાની શક્યતા છે. ચાલુ મહિનાની શરૂઆતમાં રિઝર્વ બેન્કે કેશ રિઝર્વ રેશિયો (CRR)માં પણ ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કરીને સીઆરઆર ૪.૫ ટકા કર્યો હતો. તેનાથી બેન્કિંગ સિસ્ટમમાંથી ૮૫,૦૦૦ કરોડની લિક્વિડિટી ખેંચાઈ ગઈ હતી. શક્તિકાંતા દાસે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે આપણે ફુગાવાને અંકુશમાં રાખવા માટે ફિસ્કલ અને મોનેટરી ઓથોરિટી વચ્ચે સંકલન શરૂ કર્યું છે. આ પગલાંથી ફુગાવો થોડો ઘટશે.

સેન્ટ્રલ બેન્કે ફુગાવા માટે ૨થી ૬ ટકાનું લેવલ નક્કી કર્યું છે, પરંતુ ફુગાવો આ સ્તરની ઉપર રહ્યો છે. એપ્રિલ મહિનામાં ભારતનો રિટેલ ફુગાવાનો દર આઠ વર્ષની ટોચ પર હતો જેના કારણે સેન્ટ્રલ બેન્કની સહનશીલતાની હદ આવી ગઈ હતી અને તેણે રેટમાં વધારો કરવો પડ્યો હતો. RBIએ તાજેતરમાં વ્યાજદરમાં વધારો કર્યા બાદ તમામ મહત્ત્વની બેન્કોએ તરત તેના લોનના રેટ અને ડિપોઝિટ રેટમાં વધારો કરી દીધો હતો. SBI, HDFC બેન્ક, બેન્ક ઓફ બરોડા, ICICI બેન્ક સહિતની બેન્કોએ RBIના પગલાં પછી લોનના દર વધારી દીધા હતા જેના કારણે લોન પર EMI અથવા લોનનો સમયગાળો વધી ગયો છે.

# દિલ્હીના કેટલાક વિસ્તારમાં વરસાદ

## દિલ્હીના વાતાવરણમાં ભારે પલટો આવ્યો : ગરમીમાં રાહત : હવામાન વિભાગે દિલ્હી અને એનસીઆર માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું, જેમાં સામાન્ય વરસાદની આગાહી

નવી દિલ્હી, તા.૨૩

દિલ્હીના વાતાવરણમાં પલટો આવ્યો છે. દિલ્હીના અમુક વિસ્તારમાં સવારે વરસાદ થયો, જેનાથી લોકોને ગરમીથી રાહત મળી. છેલ્લા બે ત્રણ દિવસથી સાંજે વાવાઝોડુ અને સામાન્ય વરસાદ પડી રહ્યો હતો પરંતુ સોમવારે સવારે અચાનક આકાશમાં કાળા વાદળ ઘેરાયા અને વરસાદ શરૂ થઈ ગયો. હવામાન વિભાગે પહેલા જ ઝડપી પવન સાથે વરસાદની આગાહી કરી હતી.



દિલ્હીમાં આજે લઘુતમ તાપમાન ૧૭.૨ ડિગ્રી નોંધાયુ. આ છેલ્લા કેટલાક દાયકાઓનુ મે મહિનામાં સૌથી ઓછુ તાપમાન છે. ૧૯૮૨માં ૨ મે એ ૧૫.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ.

આઈએમડીએ ટ્વીટ કરી, આગામી ૨ કલાક દરમિયાન દિલ્હી-એનસીઆર અને આસપાસના વિસ્તારમાં ૫૦-૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી સામાન્યથી મધ્યમ તીવ્રતાવાળો વરસાદ અને ઝડપી પવનની સંભાવના છે.

દિલ્હી અને નોઈડા સહિત સમગ્ર એનસીઆરમાં વરસાદના કારણે ગરમીથી રાહત મળી છે. સોમવારે દિલ્હી, નોઈડા અને ગાઝિયાબાદમાં વરસાદ થયો. અગાઉ શનિવારે રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક ભાગમાં વરસાદ પડ્યો હતો. સાથે જ ધૂળ ભરેલુ વાવાઝોડુ આવ્યુ હતુ.

ઝડપી વાવાઝોડાના કારણે ધોળાકુવા વિસ્તારમાં વૃક્ષ પણ ધરાશાયી થયા. દિલ્હી છાવણી વિસ્તારમાં ભારે પવન અને વરસાદ બાદ મોટુ વૃક્ષ ધરાશાયી થયુ, જેના કારણે પરિવહન ખોરવાયુ હતુ.

# યુપીમાં ઊતારાયેલા લાઉડસ્પિકર્સ દાન કરાયા

## ઊતારાયેલા લાઉડસ્પિકર્સ સ્કૂલો-હોસ્પિટલ્સને દાનમાં અપાયા

લખનૌ, તા.૨૩

દેશમાં લાઉડસ્પીકર ઉપર ચાલી રહેલો વિવાદ હવે બંધ થતો દેખાઈ રહ્યો છે. આ બધાની વચ્ચે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, યુપીમાં મસ્જિદોમાંથી લાઉડસ્પીકર્સ ઉતારી લેવામાં આવ્યા છે અથવા તેમનો અવાજ ધીમો કરવામાં આવ્યો છે. યોગીએ બીજું એક મહત્વનું નિવેદન આપ્યું કે, આ ઉતારી દેવામાં આવેલા લાઉડસ્પીકર્સને સ્કૂલો અને હોસ્પિટલોને દાન કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી દેશના અનેક રાજ્યોની મસ્જિદોમાં લાઉડસ્પીકરો દ્વારા થતી અઝાન વિરૂદ્ધ અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. આ મામલે વિવિધ રાજ્યોમાં હોબાળો પણ થયો હતો. ત્યાર બાદ યુપીમાં લાઉડસ્પીકર હટાવવાની કવાયત શરૂ કરવામાં આવી હતી. યોગીએ એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું કે, આ વખતે તમે જોયું હશે કે ઈદની નમાજ રોડ ઉપર નથી પઢવામાં આવી. તમે એ પણ સાંભળ્યુ હશે કે મસ્જિદોમાંથી લાઉડસ્પીકર્સનો અવાજ ધીમો કરવામાં આવ્યો છે અથવા તેને ઉતારી લેવામાં આવ્યા છે. આ લાઉડસ્પીકર્સને સ્કૂલો અથવા હોસ્પિટલોને આપવામાં આવ્યા છે.

સીએમ યોગીએ આગળ કહ્યું હતું કે, તેમના વિતેલા કાર્યકાળ અને વર્તમાન કાર્યકાળમાં કોઈ હુલ્લડો નથી થયા. ઘણા રાજ્યો એવા છે જ્યાં ચૂંટણી પછી તોફાનો થયા હોય પરંતુ યુપીમાં ચૂંટણી પહેલા કે પછી કોઈ તોફાનો નથી થયા. યોગીએ આગળ કહ્યું કે, સરકાર બન્યા બાદ રામનવમી અને હનુમાન જયંતી શાંતિથી ઉજવવામાં આવી હતી. આ એ જ યુપી છે જ્યાં પહેલા નાની નાની બાબતોને લઈને હુલ્લડો થતા હતા.

## જ્ઞાનવાપી કેસનો આજે ચુકાદો

નવી દિલ્હી, તા.૨૩

વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જ્ઞાનવાપી કેસની આજે સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. જજે આ કેસનો ચુકાદો અનામત રાખ્યો છે. આ મામલે આવતીકાલે જિલ્લા કોર્ટનો નિર્ણય આવશે. કોર્ટે બંને પક્ષોની દલિલો સાંભળી છે. હવે આવતીકાલે કોર્ટ નક્કી કરશે કે કયા વિષયને પ્રાધાન્ય આપવું જોઈએ.

સોમવારે હાથ ધરાયેલી ૪૫ મીનિટની સુનાવણીમાં કોર્ટે કુલ ૪ અરજીઓ પર તમામ પક્ષકારોની દલીલો સાંભળી હતી, અને આ મુદ્દે કોની કઈ માંગ સ્વીકારીને સુનાવણી આગળ હાથ ધરવી તે અંગે આવતી કાલે બપોર સુધીમાં ચુકાદો આવી શકે છે.


જ્ઞાનવાપી કેસની સુનાવણી વચ્ચે કોર્ટમાં વધુ એક દલીલ કરવામાં આવી છે. હિંદુ પક્ષે પોતાની દલીલમાં કહ્યું છે કે, જ્ઞાનવાપી સંકુલમાં સ્થિત વજુ ખાનામાં વધુ એક શિવલિંગ છે. હાલ અરજદાર બંને પક્ષના વકીલો સાથે કોર્ટ રૂમમાં હાજર છે. બીજા કોઈને કોર્ટમાં પ્રવેશ આપવામાં આવતો નથી.

# જાપાનની કંપનીઓને ભારતમાં રોકાણની તક છે : મોદી

## ક્વાડ શિખર સંમેલન માટે મોદી જાપાનના પ્રવાસે : ભારતીય વડાપ્રધાને જાપાનના અનેક ટોચના બિઝનેસમેનની પણ મુલાકાત લીધી : સુઝુકી મોટર કોર્પોરેશનના ચેરમેને મોદીની કામગીરીની પ્રશંસા કરી

ટોક્યો, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી




ક્વાડ શિખર સંમેલનમાં સહભાગી બનવા માટે જાપાનના પ્રવાસે છે. આ દરમિયાન તેમણે જાપાનના અનેક ટોચના બિઝનેસમેનની પણ મુલાકાત લીધી હતી. વડાપ્રધાન મોદીએ જાપાનીઝ કંપનીઓને ભારતમાં રોકાણની તક શોધવા માટે પણ વિનંતી કરી હતી. આ મીટિંગ દરમિયાન સુઝુકી મોટર કોર્પોરેશનના ચેરમેને વડાપ્રધાન મોદીની કામગીરીની ભારે પ્રશંસા કરી હતી.

સુઝુકી મોટર કોર્પોરેશનના ચેરમેન અને પ્રેસિડેન્ટ તોશિહિરો સુઝુકીએ જણાવ્યું કે, વડાપ્રધાન મોદી જે સુધારા કરી રહ્યા છે તે ભારતને મોડર્ન લેન્ડસ્કેપમાં બદલી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, જાપાનીઝ કંપનીઓ વડાપ્રધાન મોદીની આત્મનિર્ભરતાની મુહિમને સપોર્ટ કરી રહી છે. વડાપ્રધાન મોદીએ તોશિહિરો સુઝુકી ઉપરાંત સુઝુકી મોટર કોર્પોરેશનના સીનિયર એડવાઈઝર ઓસામુ સુઝુકી, સોફ્ટબેંક ગ્રુપ કોર્પોરેશનના બોર્ડ ડાયરેક્ટર માસાયોશી સોન અને યૂનિકલોના પ્રેસિડેન્ટ અને સીઈઓ તાદાશિ યાનાઈની પણ મુલાકાત લીધી હતી.

સોફ્ટબેંક ગ્રુપ કોર્પોરેશનના બોર્ડ ડાયરેક્ટર માસાયોશી સોને પણ વડાપ્રધાન મોદી અને ભારતની ખૂબ જ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, ભારત ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે.

ભારતમાં દરરોજ નવા સ્ટાર્ટઅપ બની રહ્યા છે અને નવા યુનિકોર્ન તૈયાર થઈ રહ્યા છે. મને લાગે છે કે, ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે. વડાપ્રધાન મોદી ભારતની સફળતા માટે પ્રતિબદ્ધ છે. તેઓ સ્ટાર્ટઅપ્સ અને યુનિકોર્નને સપોર્ટ કરી રહ્યા છે. આ સાથે જ તેઓ ભારતને વિશ્વભરમાં ટેક સેન્ટર બનાવી રહ્યા છે.

### ભારતીય સમુદાય દ્વારા મોદીનું ભવ્ય સ્વાગત

ટોક્યો,તા.૨૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારે જાપાનની રાજધાની ટોક્યો પહોંચ્યા છે. જ્યાં મંગળવારે ક્વાડ શિખર સંમેલનમાં સામેલ થશે. જાપાન પહોંચ્યા પછી પીએમ મોદીએ ટ્વિટ કર્યું કે ટોક્યોમાં ઉતરી ચૂક્યો છું. આ યાત્રા દરમિયાન ક્વાડ શિખર સંમેલન સહિત વિભિન્ન કાર્યક્રમોમાં ભાગ લઈશ. આ સિવાય ક્વાડ નેતાઓ સાથે મુલાકાત થશે. ટોક્યો પહોંચવા પર ભારતીય સમુદાયના લોકોએ પીએમ મોદીનું ગર્મજોશીથી સ્વાગત કર્યું હતું. જાપાનમાં રહેતા ભારતીય લોકોએ પીએમ મોદીને જોઈને જય શ્રી રામ ના નારા લગાવ્યા હતા અને તેમને 'ભારત માં કા શેર' બતાવીને સંબોધિત કર્યા હતા. પ્રધાનમંત્રી ટોક્યો પહોંચ્યા તેનો વીડિયો જાહેર કર્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે કેટલાક લોકો પોસ્ટર્સ લઈને ઉભા છે જેમાં લખ્યું છે કે 'જો ૩૭૦ કો મિટાએ વો ટોક્યો આયે હૈ'. પીએમ મોદીએ ભારતીય પ્રવાસીઓ અને સ્થાનિક લોકો સાથે વાત કરી હતી.

## પશ્ચિમ બંગાળંમાં બોમ્બ વિસ્ફોટ

કોલકાતા, તા.૨૩

પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લાનો બકચા વિસ્તાર રવિવારે બોમ્બ વિસ્ફોટથી ધણધણી ઉઠ્યો હતો. બક્ચાના હોગલા જંગલ વિસ્તારમાંથી શનિવારના રોજ મોટા પ્રમાણમાં બોમ્બનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની હાજરીમાં આ તમામ બોમ્બને નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા. પોલીસને પૂર્વી મેદિનીપુરમાં દરોડા દરમિયાન બોમ્બ મળી આવ્યા હતા. પોલીસે તાત્કાલિક આ અંગેની સૂચના પોતાની બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને મોકલી હતી. જિલ્લાના વરિષ્ઠ પોલસ અધિકારીએ જણાવ્યું કે, અહીંના હોગલા જંગલમાં ૧૫ ડ્રમમાં બોમ્બ ભરેલા હતા.

પોલીસને દરોડા દરમિયાન લગભગ ૧,૦૦૦થી વધુ સંખ્યામાં તાજા બનાવેલા બોમ્બ મળી આવ્યા હતા. પોલીસે આ મામલે હજી સુધી કોઈની ધરપકડ નથી કરી. ડિએસપી અમરનાથ કુમારે જણાવ્યું કે, શનિવારે સ્થાનિક લોકોએ સૂચના આપી હતી કે, હોગલા જંગલના બક્ચા વિસ્તારમાં શંકાસ્પદ સ્થિતિમાં રહેલા ડ્રમોમાં જીવીત બોમ્બ પડેલા હતા.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●

● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●

● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466

E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર

૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# ...તો અમેરિકા તાઈવાનને મદદ કરશે : બાઈડન

વોશિંગ્ટન, તા.૨૩

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનના કહેવા પ્રમાણે જો ચીન દ્વારા તાઈવાન પર હુમલો કરવામાં આવશે તો અમેરિકા તેમાં તાઈવાનને સૈન્ય મદદ પહોંચાડશે. ચીન તાઈવાનને પોતાનું ક્ષેત્ર માને છે જ્યારે તાઈવાન પોતાને એક સ્વતંત્ર દેશ તરીકે જુએ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને જણાવ્યું કે, જો ચીન સ્વ-શાસિત દ્વીપ તાઈવાન પર આક્રમણ કરશે તો અમેરિકા તાઈવાનને સૈન્ય મદદ કરશે. બાઈડને ચેતવણીના સૂરમાં કહ્યું હતું કે, ચીન જોખમ સામે રમત કરી રહ્યું છે. હકીકતે બાઈડનને એવો સવાલ કરવામાં આવ્યો હતો કે, જો ચીન બળજબરીથી તાઈવાનને પોતાના નિયંત્રણમાં લેવા ઈચ્છશે તો શું અમેરિકા સૈન્ય

● અનુસંધાન પાન-૭ પર

લેબોરેટરી સેટ-અપ

વેચવાનો છે

ફુલ ઓટોમેટિક

બધા જ મશીન

સાથે કુડાસણ ખાતે

સંપર્ક

૮૦૦૦૦ ૯૩૧૧૭







